# અનુક્રમણિકા


1. રંગલાની રંગત ..........2
2. રંગલાની રેવડી ..........36
3. મૂંગો કોયડો ..........46
4. ગપનો ગધેડો ..........55
5. ભૂતની ચોટલી ..........66
6. રંગલાની દિવાળી ..........78
7. રંગલાનો હોકો ..........101
8. હસવાની દવા ..........111
9. રંગલાના દાણા ..........122
10. સાચું તે ખોટું ..........158
11. નવી રંગત ..........169
12. કોની ભૂલ ..........197
13. કહે કાગડો ..........213

મોટા નેતા, ઠાઠ બનાવે મોટાં ઢોલ ટીપાવે જી
અક્કલની જો ખાય પડીકી, પ્રધાનપદ શોભાવે જી.

## રંગલાની રંગત

એક નગર હતું.

નગરનું નામ રાધાપુર હતું.

રાધાપુરના એક રાજા હતા.

રાજાજીનું નામ મયુરસિંહજી હતું.

આ મયુરસિંહજી નાના હતા ત્યારે રમત, ગમ્મત, આનંદ અને વિનોદની વાતો તેમને ઘણી ઘણી ગમતી હતી. રડે તોય આનંદથી અને હસે તો ય મોજથી.

સાચી વાત તો એ હતી, કે આ રાજકુમાર મયુરસિંહજીને રડતાં આવડતું જ ન હતું. રડવા જાય તો હસી પડતા હતા અને હસે ત્યારે તો એવા આનંદમાં આવી જાય કે હસી હસીને આખો મહેલ ગજાવી મૂકે.



આ રાજકુમાર મયુરસિંહજી જુવાન થયા.

તેમના પિતાજીનું મરણ થયું. એટલે રાજકુમાર મયુરસિંહજી રાજા બન્યા. તે સમયે ભારે ધામધૂમ થઈ. રાજગાદીએ બેસવાના સમયે મોટી રાજસભા એકઠી થઈ.

રાજકુમારને રાજગાદી ઉપર બેસાડવાનો સમય થયો.

રાજસિંહાસન પાસે કુમાર ઊભા રહ્યા.

સોનાના થાળમાં મૂકેલો રાજમુગટ લઈને પ્રધાનજી

ઊભા. ત્યારે એક નાનકડી બહેનબા આવી. તેણે રાજકુમારના કપાળ પર કંકુનો ચાંદલો કર્યો.

આ રંગીલા રાજકુમાર રાજગાદી ઉપર બેઠા.

રાજા થયા પછી પહેલું કામ એવું કર્યું કે, આખા નગરનું અને રાજનું રૂપ બદલી ગયું.

આ નવા રાજાજીએ રાજસભામાં કહ્યું કે : મારા વહાલા પ્રજાજનો! આજ અમે તમારા રાજા થયા છીએ રાજાનું ખાસ કામ એ છે, કે રાજના લોકોને સુખમાં રાખવા. આનંદમાં રાખવા અને મોજમાં રાખવા. બોલો આ વાત સાચી કે ખોટી?

આખી સભાના લોકોએ તાળીઓ પાડી અને બોલી ઉઠ્યા કે : સાચી... સાચી... સાચી...

નવા રાજાને આનંદ થયો અને બોલ્યાઃ તો અમારી પહેલી આજ્ઞા એ છે, કે આપણું રાજ આનંદના રંગથી રંગાઈ જવું જોઈએ. માટે આપણા નગરનું નામ રાધાપુર કાઢી નાખવું અને રંગીલાપુર રાખવું.

આ વાત પણ લોકોને ગમી ગઈ અને આનંદથી વાહવાહ બોલી ઉઠ્યા.

નવા રાજાનો આનંદ વધી ગયો અને બોલ્યા : આપણા નગરનું નામ રંગીલાપુર થાય તો રંગીલાપુરના રાજાનું નામ પણ એવું જ હોવું જોઈએ કે નહીં?

બધા કહે : જી હા, જી મહારાજ!

પ્રધાનજી એ તાલી પાડી અને તે સાથે સભાના બધા

લોકો બોલી ઊઠ્યો કે : સરસ... સરસ... ઘણું સરસ.

રાજા કહે : તો આજથી અમારું નામ રંગીલાસિંહજી થશે.

પ્રધાનજી હસતી મોઢે બોલ્યા : તો બોલો! રંગીલાપુરના મહારાજા રંગીલાસિંહ કી.. જય....

રાજગુરૂ એ ઊભા થઈને રંગીલાસિંહના નવા નામને આશિષ આપી.

બધા લોકોએ રંગીલાસિંહજીની જે બોલાવી.

ત્યારથી રંગીલાપુર અને રાજા રંગીલાસિંહજીના નામ જાણીતાં થઈ ગયા.

પછી તો રંગીલાપુરની રાજસભાનું નામ પણ ચમકી ગયું. રાજા રંગીલાસિંહજીની ખાસ આજ્ઞા થઈ, કે આપણી રાજસભામાં આનંદ અને વિનોદની જ વાતો થવી જોઈએ. બુદ્ધિ અને ચતુરાઈનો રંગ જામવો જોઈએ. ઘણાં વરસો પહેલાં માળવા દેશમાં ધારાનગરી હતી. ત્યાં રાજા ભોજ રાજા હતા. તેમની રાજસભામાં બુદ્ધિ, ચાતુરી, વિદ્યાકળા અને આનંદ વિનોદની વાતો ચાલતી હતી. એવી જ વાતો રંગીલાપુરની રાજસભામાં થવી જોઈએ. ચતુર અને બુદ્ધિમાન માણસો આવે અને અવનવી વાતો કહી જાય.



એમાં પ્રધાનજીનું માન ઘણું વધી ગયું. પોતે બડા ચતુર છે. અટપટી કે અઘરી વાત આવે તો તેનો ઉત્તર ચતુરાઈથી આપી દે છે ત્યારે રાજા રંગીલાસિંહજી પ્રધાનજીને ધન્યવાદ આપે છે. રૂપાની થાળીમાં સોનામહોરો મૂકી રાખે છે. કોઈ ખરેખરો કોયડો કે રસભરી કવિતા સંભળાવે છે ત્યારે રંગીલા રાજા સોનામહોરોનું ઈનામ આપે છે.

એક નટ હતો. ભવાઈ એટલે નાટકના

ખેલો કરનાર. એક નાકટ મંડળીમાં તે કામ કરતો હતો. તે લોકોને હસાવવાનો વેશ ભજવતો હતો. તે રંગલાનો વેશ.

રંગલો એટલે ડાગલો અથવા વિદુષક.

તેનું કામ ખેલ જોનારાને હસાવવાનું.

એ એવો સરસ વેશ ભજવતો હતો, કે લોકો આનંદમાં ડૂબી જતા. તેના બોલથી, તાલથી અને ચેન ચાળાથી ખડખડાટ હસતા અને આનંદમાં નાચી ઉઠતા.

પછી તો તેનું નામ જ રંગલો પડી ગયું. લોકો તેને રંગલો કહીને જ બોલાવતા અને તેની વહુને રંગલી કહેતા હતા.

એક દિવસે રંગલો વીલું મોઢું કરીને બેઠો. આજે ગજવામાં એક નવો પૈસો નહોતો.

રંગલીએ રંગલાને કહ્યું, કે : તમે ચતુરાઈની વાતો કહીને લોકોને હસાવો છો તો જાઓને આપણા રાજાજીની સભામાં. રાજા રંગીલાસિંહ ચાતુરીની અને મોજમઝાની વાતો સાંભળીને એવા રાજી થાય છે, સોનામહોરોનું ઈનામ આપે છે. ખરેખરા રાજી થશે તો આપણને કોઈ વાતનું દુઃખ નહીં રહે. તમને ય ઈનામ મળશે.

રંગલો કહે : હા, એ વાત સાચી. તો ઊપડું. રંગીલાસિંહજીને એવી મોજ કરાવી દઉં કે બસ.

રંગલી કહે : તો ઉપડો. વીલું મોઢું કરીને બેસવું નહીં. ઉપાય વિચારવો અને જે ઉપાય મળે તે કરવો.

રંગલો ઉપડ્યો. પહોંચ્યો રંગીલાસિંહની સભામાં. તેનો વેશ જોઈને સભાના લોકો બે ઘડી તેને જોઈ રહ્યા. રંગલાએ માથે લાંબી કોથળી જેવી ટોપી ઓઢી હતી. લાંબો ડગલો અને પાયજામો.